# ડી.એન.પી. આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ડીસા

## એમ.એ. / એમ.કોમ. સેમ-૧ બીજી પ્રવેશ યાદી

## વિદ્યાર્થીઓએ અનુસરવાના પગલાં અંગે સૂચના

એમ.એ. / એમ.કોમ. સેમ-૧ માં જે વિદ્યાર્થીઓએ ઓનલાઈન GCAS પોર્ટલની વેબસાઈટ પર ઓનલાઈન ફોર્મ ભરેલ છે અને વેરીફીકેશન કરાવેલ છે તેવા જ વિદ્યાર્થીઓની મેરીટ યાદી હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ દ્વારા સરકારશ્રીની પ્રવેશ માટેની અનામત નીતિને આધારે જનરેટ કરવામાં આવેલ છે, જે મેરીટયાદી કોલેજની વેબસાઈટ તથા કોલેજના નોટીસ બોર્ડ પર મૂકવામાં આવેલ છે.

**પ્રવેશ તથા મેરીટ યાદી અંગે અગત્યની સૂચના :**

- બીજી પ્રવેશ યાદીમાં સમાવેશ પામેલ વિદ્યાર્થીઓને મુખ્ય વિષયના આધારે ઓફર લેટર તા.17/07/2026 ના રોજ મોકલી આપેલ છે.
- વિદ્યાર્થીઓએ પોતાના GCAS પોર્ટલના લોગીનમાંથી ઓફર લેટર તથા ઓનલાઈન ભરેલ ફોર્મની પ્રિન્ટ કઢાવીને કોલેજમાં ઓરીજનલ ડોક્યુમેન્ટ તથા સ્વ-પ્રમાણિત નકલોના એક સેટ સાથે રીપોર્ટીંગ કરવાનું રહેશે.
- કોલેજમાં ઓરીજનલ ડોકયુમેન્ટ વેરીફાઇ કરાવીને તે જ દિવસે ઓનલાઇન પ્રવેશ ફી ભરાવીને પ્રવેશ કન્ફર્મ કરાવવાની જવાબદારી જે-તે વિદ્યાર્થીની રહેશે. ઓફર લેટરમાં દર્શાવેલ સમયમર્યાદામાં ફી નહીં ભરો તો તમારું નામ અમારી કોલેજની પ્રવેશ પ્રક્રિયામાંથી આપોઆપ નીકળી જશે.
- આપનો પ્રવેશ - ઓફર લેટર GCAS પોર્ટલ પર આપે ભરેલ ઓનલાઈન વિગતો જેવી કે - નામ, ટકાવારી, કેટેગરી વગેરેના આધારે જનરેટ કરવામાં આવેલ છે. **રીપોર્ટીંગ દરમ્યાન અસલ પ્રમાણપત્રોની ચકાસણી કરતાં આપે ભરેલ વિગતો ખોટી માલુમ પડશે તો આપનો ઓફર લેટર રદ કરવામાં આવશે અને આપ જે-તે વિષયમાં પ્રવેશ મેળવી શકશો નહિ.**
- આપનો પ્રવેશ કન્ફર્મ કરાવતી વખતે આપે GCAS પોર્ટલ પર રજીસ્ટર્ડ કરાવેલ મોબાઈલ નંબર તથા ઈમેઇલ આઇડી પર આવેલ OTP કોલેજના કર્મચારીને આપવાનો રહેશે
- જો કોઇ વિદ્યાર્થી ઓફર લેટરમાં દર્શાવેલ સમયમર્યાદામાં અને ખોટી વિગતો-પ્રમાણપત્રો રજૂ કરવાથી તેઓ કોલેજમાં પ્રવેશથી વંચિત રહી જાય છે તો તેની સઘળી જવાબદારી જે-તે વિદ્યાર્થીની પોતાની રહેશે.

## ઓફર લેટર મળ્યા બાદ વિદ્યાર્થીએ નીચે જણાવેલ અસલ પ્રમાણપત્રો તથા તેની નકલ સાથે કોલેજમાં રૂબરૂ આવવાનું રહેશે.

૧. GCAS પોર્ટલ પર ભરેલ ફોર્મની પ્રિન્ટ.

૨. GCAS પોર્ટલ પર પોતાના લીગીનમાંથી મળેલ ઓફર લેટરની પ્રિન્ટ.

૩. શાળા છોડયાના પ્રમાણપત્રની નકલ. (એલ.સી.)

૪. ધોરણ-૧૨ માર્કશીટની નકલ.

૫. સેમ-૧ થી ૬ ની કોલેજમાંથી મળેલ માર્કશીટની નકલ. (જે માર્કશીટ કોલેજમાં આવેલ નથી તેની ઓનલાઇન પ્રિન્ટ ચાલશે)

૬. માર્ચ-૨૦૨૬ પહેલા સેમ-૬ ની પરીક્ષા પાસ કરેલ હોય તો રૂ.૫૦ ના સ્ટેમ્પ પેપર પર ગેપ અંગેના નોટરી કરેલ સોગંદનામાની નકલ.

૭. જાતિ અંગેના દાખલાની નકલ. (SEBC/SC/ST/EWS કેટેગરી માટે)

૮. ફોર્મમાં SEBC(OBC) કેટેગરી દર્શાવેલ વિદ્યાર્થીઓએ તા.૦૧/૦૪/૨૦૨૪ પછી કઢાવેલ નોન-ક્રિમીલેયર પ્રમાણપત્રની નકલ. (લાગુ પડતું હોય તેમના માટે)

૯. ફોર્મમાં EWS કેટેગરી દર્શાવેલ આર્થિક રીતે નબળા વર્ગોમાં આવતા વિદ્યાર્થીઓએ તા.૦૧/૦૪/૨૦૨૪ બાદ કઢાવેલ EWS પ્રમાણપત્રની નકલ. (લાગુ પડતું હોય તેમના માટે)

૧૦. આધારકાર્ડની નકલ.

૧૧. Academic Bank of Credit (ABC) ID ની નકલ. (ફરજીયાત)

૧૨. અન્ય બોર્ડમાંથી આવતા વિદ્યાર્થીઓએ www.erp.ngu.ac.in પાટણ યુનિવર્સિટીના ERP પોર્ટલમાંથી Provisional Eligibility Certificate (PEC) ફરજીયાત લાવવાનું રહેશે.

૧૩. સ્પોર્ટસ કેટેગરી દર્શાવેલ હોય તો રાજ્ય અથવા કેન્દ્ર સરકારના પ્રમાણપત્રોની નકલ.

૧૪. દિવ્યાંગ દર્શાવેલ હોય તો દિવ્યાંગતાના પ્રમાણપત્રની નકલ. (ગુજરાત રાજ્ય)

૧૫. પાસપોર્ટ સાઇઝનો તાજેતરનો ફોટો.

*નોંધ - ઉપરોક્ત પ્રમાણપત્રો અસલ તથા તેની એક ઝેરોક્ષ નકલ સાથે લાવવાના રહેશે.*

**વિદ્યાર્થીઓએ તા.18/07/2026 થી તા.20/07/2026, સવારે ૮-૩૦ થી ૦૧-૦૦ વાગ્યા સુધીમાં ઓફર લેટર સાથે કોલેજમાં રૂબરૂ રીપોર્ટીંગ કરીને ઓનલાઇન ફી ભરવાની રહેશે. રવિવારે રજા રહેશે.**

## કોલેજમાં રોકડમાં (Cash) ફી સ્વીકારવામાં આવતી નથી.

# ડી.એન.પી. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ડીસા

## એમ.એ. / એમ.કોમ. સેલ્ફ ફાયનાન્સ માટે ફીની વિગત

| વર્ગ | વિભાગ | મુખ્ય વિષય | જાતિ | ફી |
|---|---|---|---|---|
| એમ.એ. સેમ-૧ | સેલ્ફ ફાયનાન્સ | ગુજરાતી | ભાઇઓ-બહેનો | રૂા.4145/- |
| | | અર્થશાસ્ત્ર | ભાઇઓ-બહેનો | રૂા.4145/- |
| એમ.કોમ. સેમ-૧ | સેલ્ફ ફાયનાન્સ | એકાઉન્ટન્સી (ગુજરાતી માધ્યમ) | ભાઇઓ-બહેનો | રૂા.4145/- |

**ફી ઓનલાઇન ભરવાની રહેશે. ફી ભરવા માટે વિદ્યાર્થી પાસે ફોનપે/ ગુગલપે/ નેટ બેંકીંગ જેવી ઓનલાઇન એપ્લીકેશન હોવી જોઇએ.**

## પ્રવેશ ફી રોકડમાં સ્વીકારવામાં આવતી નથી.

**તા.17/07/2026**